# ધાનેરામાં તબાહીને એક વર્ષ પૂર્ણ : કેટલાક આજે પણ સહાયથી વંચિત

## પુર વખતે અપાયેલા સરકારી વચનો હજુ અધૂરા જ જોવા મળી રહ્યા છે : રાજ્ય સરકારે ૧૫૦૦ અને કેન્દ્ર સરકારે ૫૦૦ કરોડની સહાય આપવાની કરી હતી જાહેરાત

**આજની તારીખે ૨૪ જુલાઈનો ગોઝારો દિવસ ધાનેરાવાસીઓ ભૂલી શકે તેમ નથી, એક વરસ પહેલાં ૨૪ જુલાઈ ૨૦૧૭ ના આવેલાં પુરે ધાનેરામાં વિનાશ નોતર્યો હતો. સરકાર અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસોથી ધાનેરા આ આફતમાંથી બહાર તો નીકળ્યું પરંતુ આજે એક વરસ બાદ પણ પુર વખતે અપાયેલા સરકારી વચનો હજુ અધૂરા જ જોવા મળી રહ્યા છે, આવો જઈએ અતીતના ઝરૂખામાં...**

૨૪ જુલાઈ ૨૦૧૭ ના બનાસકાંઠા સહિત ધાનેરા માં ભારે વરસાદ થયો,રાજસ્થાન ની રેલ નદી નું પાણી ધાનેરા માં આવ્યું,એટલું જ નહીં દાંતીવાડા અને સિપુ ડેમ ભરાઈ જતા ડેમ માંથી પાણી છોડવામાં આવ્યું જેના લીધે ધાનેરા શહેર આ એ આસપાસ ના ગામો માં ગળાડૂબ પાણી ભરાઈ ગયા,શહેર માં પુર આવતા ખુદ જિલ્લા કલેકટરે લોકો ને ઊંચાણવાળા વિસ્તારો એ ખસી જવા વિનંતી કરી,ધાનેરા માં લોકો એ સ્થળાંતર કરવું પડ્યું,પશુઓ તણાઈ ને મોત ને ભેટ્યા,રસ્તા ઓ તૂટી જતાં અનેક







ગામો સંપર્ક વિહોણા થઈ ગયા,વીજપુરવઠો ખોરવાતા અંધારપટ છવાઈ ગયોસમગ્ર ધાનેરા જાણે દેશ થી વિખૂટું પડી ગયું હોય તેવી સ્થિતિ ઉભી થસી,પરિસ્થિતિ એટલી વિકટ હતી કે હેલિકોપ્ટર થી લોકો ના જીવ બચાવવા પડ્યા,એન્ડીઆરએફ અને સેના ના જવાનો ની મદદ લેવી પડી,ખુદ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી એ હવાઈ નિરીક્ષણ કરી ગુજરાત ના પુર પીડિતો માટે ૫૦૦ કરોડ ની સહાય જાહેર કરી,તો રાજ્ય સરકારે ૧૫૦૦ કરોડ ની સહાય પુર પીડિતો માટે જાહેર કરી,ધાનેરા માર્કેટયાર્ડ સહુ થી વધુ પ્રભાવિત થયું,યાર્ડ ની દુકાનો માં રહેલ કરોડો નો અનાઝ પલળી ને બરબાદ થઈ ગયો,ધીરે ધીરે પુર ના પાણી ઓસરવા માંડ્યાપરંતુ ધાનેરા ની મુસીબતો ઘટવાને બદલે વધવા માંડી,પુર માં લોકો ની ઘરવખરી,મકાનો,પશુ ઓ બધું જ તણાઈ ચૂક્યું હતું,લોકો નિરાધાર બની ગયા તેવી સ્થિતિ માં મુખ્યમંત્રી







પાંચ દિવસ માટે બનાસકાંઠા જિલ્લા માં રોકાણ કરી બનાસકાંઠા અને પાટણ ના પુરપીડિતો ને પડખે ઉભા રહ્યા,પુર પીડિતો ને તત્કાલ કેશડોલ્સ ની ચુકવણી શરૂ કરાઈ ,પરંતુ લોકો એ મુખ્યમંત્રી ને રૂબરૂ રજુઆત કરી કે જે સાચા લાભાર્થી છે તેમને કેશડોલ્સ નથી આપતી અને રાજકીય વગદારો ને જ કેશડોલ અપાય છે,સી.એમ.એ યોગ્ય લાભાર્થી ને જ સહાય મળે તે માટે જિલ્લા વહીવટી તંત્ર ને તાકીદ કરી,પુર બાદ સહુ થી મોટી સમસ્યા ગંદકી ની ઉભી થઈ,સમગ્ર ધાનેરા ગંદકી થી ખડબદતું હોઈ રોગચાળો ફાટવાની દહેશત ઉભી થઈ,આવા સમયે લોકો ના અંદર રહેલી માણસાઈ જાગી ઉઠી,અને સામાજિક સંસ્થા ઓ અને સેવાભાવી લોકો ગુજરાત ના ખૂણે ખૂણે થી જરૂરિયાતમંદો માટે રાહત સામગ્રી પહોંચાડવા લાગ્યા,લોકો ધર્મ,નાત-જાત ભૂલી એકબીજા ની મદદ કરતા જોવા મળ્યા,પુર ની આફત સામે માણસાઈ જીતી ગઈ,ધાનેરા ને ગંદકી થી મુક્ત કરવા જમીયત ઉલેમાં એ હિંદે ખાસ બીડું ઝડપ્યું,તેઓ એ મંદિરો, મસ્જિદો,ઘરો,રસ્તા ઓ ની સફાઈ હાથ ધરી,ધર્મ-જાતિ પૂછ્યા વગર જે લોકો ના ઘર તૂટી ગયા હતા તેમને રીપેર કરાવી આપ્યા, અને જે નાના વેપારીઓ ના લારી ગલ્લા તણાઈ ગયા હતા તેમને નવા લારી ગલ્લા આપી તેમનો રોજગાર ફરી શરૂ કરાવ્યો,જમીયત ઉલેમાં એ હિન્દ ની આ કામગીરી ને એ વખતે બનાસકાંઠા આવેલ રાજ્ય ના મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણી એ પણ બિરદાવી,તેમજ ખુદ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી એ પણ પોતાના મન કી બાત પ્રોગ્રામ માં મુસ્લિમ સમાજ ની આ સેવાકીય પ્રવુતિ ની સરાહના કરી,લોકો ની અને સરકાર ની તત્કાલ કામગીરી બાદ આજે એક વરસ બાદ સરકારે પુરપીડિતો ને આપેલ વચનો ની વાત કરીએ તો ધાનેરા માર્કેટયાર્ડ ના વેપારી ઓ ને સરકારે વગર વ્યાજે લૉન આપવાનું વચન આપ્યું હતું,પરંતુ વેપારી ઓ આજે પણ વ્યાજ ભરવા મજબૂર છે,પુર બાદ મક. અને ખેતી ની જમીન ની સહાય મ પણ સાચા લાભાર્થી ઓ ને ખાસ લાભ મળ્યો નથી,જેની વ્યાપક ફરિયાદો સરકાર ને મળી હોવા છતાં દોષીતો સામે હજુ કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી,પુર બાદ કો ગ્રેશ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત અનેક રાજકીય આગેવાનો એ ધાનેરા ની મુલાકાત લીધી,પરંતુ સરકારે આપેલ કુલ ૨૦૦૦ કરોડ ની સહાય અને અન્ય રાજકીય આગેવાનો એ આપેલા વચનો ક્યાં ગયા?? આ સવાલ આજે સમગ્ર ધાનેરા વાસીઓ પૂછી રહ્યા છે.. પુએ ને એક વરસ વીતી ગયો પણ ધાનેરા ની પ્રજા એ ગોઝારા દિવસ ને યાદ કરી આજે પણ સહમી ઉઠે છે...

## ૨૪ જુલાઈનો ગુજારો દિવસ ધાનેરાવાસીઓ ભૂલી શકે તેમ નથી : લોકોની સાથે સાથે અસંખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા હતા લોકો પણ નાત-જાત ભૂલી એકબીજાના મદદરૂપ થયા હતા : ધાનેરામાં માનવતાની મહેક ખીલી ઉઠી હતી



**અંબાજીમાં ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા**

શક્તિપીઠ અંબાજીમાં જગતજનનીનું આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક છે. આ ધામમાં અવારનવાર માતાજીના ભક્તોમાં અંબાની ધજાઓ લઈને ગરબે ઘુમતા જોવા મળે છે અને અરવલ્લીની ગિરિમાળાઓમાં પણ જય જય અંબે બોલ મારી અંબેનો નાદ પણ વર્ષ દરમિયાન સાંભળવા મળે છે. હવે જયારે ભાદરવી મહા મેળો આ ધામમાં યોજાનાર છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા આની તડામાર તૈયારીના ભાગરૂપે મિટિંગોનું આયોજન પણ અત્યારથી શરુ થઈ ગયું છે. આજે માં અંબાના ધામમાં મહેસાણા શ્રી રામ સેવા સમિતિ દ્વારા એક વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## યાત્રાધામ શામળાજીમાં શામળાજી પ્રાથમિક શાળા નં. ૨ ના બાળકો ખુલ્લામાં અભ્યાસ કરે છે

શામળાજી, તા. ૨૩

યાત્રાધામ શામળાજી ખાતે શ્યામલ વનની બાજુમાં શામળાજી-રતનપુર હાઈવે રોડની બાજુમાં આવેલ શામળાજી પ્રા. શાળા નં. ૨નો હાઈવે ઓથો.વાળાએ છ લેનનું કામ શરૂ કરેલ હોવાથી આ પ્રાથમિક શાળા તોડી પાડેલ છે. આ પ્રાથમિક શાળામા ૧ થી ૫ ધોરણના ૩૨ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરે છે. ત્યારે આ મકાન તોડી પાડ્યું તે છતાંયે અરવલ્લી જિલ્લા વહિવીટીતંત્ર કે શિક્ષણ વિભાગમાંથી આજદિન સુધી કોઈ અધિકારીઓ આ બાળકોની સ્થિતિ જાણવા આવેલ નથી. શામળાજીના ગ્રામજનો તથા ડેપ્યુ. સરપંચ દિલીપભાઈ કટારાએ એક પ્રાઈવેટ મકાનની ચોગાનમાં નાના બાળકોને બેસવાની વ્યવસ્થા કરેલ છે. સરકાર દ્વારા લાખો રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચવા છતાયે આદિવાસી પછાત વિસ્તારમાં નાના બાળકોને બેસવા માટે તંત્ર દ્વારા કોઈજ વ્યવસ્થા ન કરતા નાના બાળકોના વાલીઓ હેરાન-પરેશાન થઈ ગયેલ છે. ભિલોડા શિક્ષણ વિભાગમાં ગ્રામજનોએ રજુઆત કરેલ હોવા છતાંયે તંત્ર દ્વારા આ નાના ભુલકાઓને ચોમાસાની સીઝનમાં ખુલ્લી ચોગાનમાં બેસીને અભ્યાસ કરવો પડે છે. જેથી તંત્ર દ્વારા આ બાળકોના ભાવિ માટે તાત્કાલિક બેસવાની વ્યવસ્થા કરવા ગ્રામજનોની માંગણી રહેલ છે.



**મોડાસા દ્વારા નેશનલ લોક અદાલત યોજાઈ**

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના નેજા હેઠળ અરવલ્લી-મોડાસા દ્વારા તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ જિલ્લાની દરેક કોર્ટમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમાં કોર્ટમાં પેન્ડીંગ સમાધાનલાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયેના ચેક બાઉન્સના કેસો, બેંકના લેણા અંગેના કેસો, વાહન અકસ્માતના ક્લેઈમ કેસો, મજૂરના વિવાદના કેસો, વીજ અને પાણી બીલના કેસો (સમાધાનપાત્ર હોય તે જ કેસો), લગ્ન વિષયક કેસો/ફેમીલી કોર્ટના કેસો, જમીન સંપાદનના કેસો, પગારભથ્થા અને નિવૃત્તિ લાભો બાબતેની સર્વિસ મેટરો, મહેસુલના કેસો (જિલ્લા અદાલત અને નામદાર હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય તે) દિવાની કેસો, ભાડુઆત અને મકાન માલીક વચ્ચેના દિવાની દાવાઓ, મનાઈ હુકમના દાવાઓ, સુખાધિકાર અંગેના દાવાઓ વિગેરે પેન્ડીંગ કેસોમાં તથા પ્રિલીટીગેશનના કેસોમાં સમાધાનથી સુખઃદ નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## કંપની સમાચાર

### એસડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપનીનો આઈપીઓ ૨૫મીએ ખુલશે

એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'')એ રોકડનાં બદલામાં શેરદીઠ રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતાં કુલ ૨૫,૪૫૭,૫૫૫ ઈક્વિટી શેરનો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૮,૫૯૨,૯૭૦ ઈક્વિટી શેર અને સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડ દ્વારા ૧૬,૮૬૪,૫૮૫ ઈક્વિટી શેર (સંયુક્તપણે ''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ'' અને આ પ્રકારની ઓફર ''ઓફર'') સુધીની વેચાણ માટેની ઓફર સામેલ છે. ઓફરમાં પબ્લિકને ૨૨,૧૭૭,૫૫૫ ઈક્વિટી શેરની નેટ ઓફર (''નેટ ઓફર''), એચડીએફસી એમસીની લાયકાત ધરાવતાં કર્મચારીઓ (''પરિભાષાઓ અને ટૂંકાક્ષરોમાં'' વ્યાખ્યાચિત કર્યા મુજબ) દ્વારા ખરીદી માટે ૩૨૦,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન (''એચડીએફસી એમસી શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન'') (જે પોસ્ટ-ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૦.૧૫ ટકા હિસ્સો ધરાવે છે), એચડીએફસીની લાયકાત ધરાવતાં કર્મચારીઓ (''એચડીએફસી એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') દ્વારા ખરીદી માટે ૫૬૦,૦૦૦ ઈક્વિટી શેર (પોસ્ટ ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૦.૨૬ ટકા હિસ્સો ધરાવે છે) સુધીનું રિઝર્વેશન તથા એચડીએફસીના લાયકાત ધરાવતાં શેરધારકો (''પરિભાષાઓ અને ટૂંકાક્ષરોમાં'' વ્યાખ્યાયિત કર્યા મુજબ), (''એચડીએફસી શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન'') દ્વારા ખરીદી માટે ૨,૪૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન (જે પોસ્ટ-ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૧.૧૩ ટકા હિસ્સો ધરાવે છે) સામેલ છે. કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલમાં ઓફર અને નેટ ઓફર અનુક્રમે ૧૨.૦૧ ટકા અને ૧૦.૪૬ ટકા હિસ્સો ધરાવે છે.

## મેલેરિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન'ની મંજૂરી મળી ગઈ છે. પી. વૈવાક્સ મેલેરિયા માટે એક નવો ઉપચાર છે, જેને વૈશ્વીક સ્તર પર મેલેરિયા માટે વાપરવામાં આવી શકે છે.

ક્રિંટફેલ નામની દવાનો ઉપયોગ ૧૬ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના લોકો માટે સારવારમાં સંક્રમણને રોકવામાં સહાયક છે. તે લીવરમાં જઈને સંક્રમણ ફેલાવનારા ઘાતક જીવાણુઓને મારે છે. પી.વૈવાક્સ મેલેરિયા મુખ્ય રૂપથી શહેરી વિસ્તારોમાં મોટી બિમારીનું કારણ બને છે. વર્ષ દરમ્યાન જૂન અને સપ્ટેમ્બરના મહિના વચ્ચે સૌથી વધારે કેસ સામે આવે છે.

ત્યાર બાદ માર્ચ મહિનામાં એકવાર ફરીથી તેના સંક્રમણનું જોખમ રહે છે. 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' (ઉઉૐ) દ્વારા વિશ્વ મેલેરિયા રિપોર્ટ ૨૦૧૭ના પ્રમાણે, ભારતમાં ૧.૩૧ મિલિયન મેલેરિયાના કેસ જોવામાં આવ્યા અને તેમાં ૨૩,૯૦૯ મૃત્યું થયા છે.

## ટ્રક હડતાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રક હડતાળના કારણે દરરોજ ૨૦૦૦૦ કરોડનુ નુકસાન થઈ રહ્યુ છે. ટ્રાન્સપોર્ટર સેક્ટરને દરરોજ ૧૨૦૦૦ કરોડનુ નુકસાન થઈ રહ્યુ છે. સરકાર અને હડતાળી લોકો વચ્ચે સમાધાનના કોઈ સંકેતો દેખાઈ રહ્યા નથી. ટ્રકની હડતાળ ૨૦મીથી શરૂ થઈ હતી. ગુજરાત સહિત દેશભરમાં આશરે ૯૫ લાખ જેટલી ટ્રકોનાપૈડા થંભી ગયા છે, જેને લઈ અગત્યના કન્સાઈનમેન્ટ્સ અને માલ-સામાનનું પરિવહન પણ થંભી ગયું છે. રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે રોજનું અબજો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ડીઝલના ભાવમાં ઓઈલ કંપનીઓ દ્વારા કરવામાં આવેલો બેફામ વધારો, સરકારની ટોલ ટેક્સની નીતિ, થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ પ્રિમિયમમાં કરવામાં આવેલો વધારો, જીએસટીના ઈ-વે બિલ સંદર્ભે સરકારની નીતિ અને પડતર પ્રશ્નોને લઈને ગુજરાત સહિત દેશભરના ટ્રાન્સપોર્ટરો દ્વારા અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરી ગયા છે. ગુજરાતમાં એક અંદાજ મુજબ નવ લાખ ટ્રકમાં પૈંડાં થંભી ગયાં છે. ટ્રાન્સપોર્ટ સેકટરના જાણકારોના જણાવ્યા પ્રમાણે હડતાળના પગલે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને એક અંદાજ મુજબ રોજનું ચાર હજાર કરોડથી વધુનું નુકસાન થશે. એટલું જ નહીં કાચા માલ તથા તૈયાર માલનું પરિવહન પણ થંભી જશે. જેના કારણે ઈન્ડસ્ટ્રીઝને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના ઉપપ્રમુખ મૂકેશ દવેના જણાવ્યા હડતાળના પગલે નવ લાખ ટ્રકોનાં પૈંડાં થંભી જતાં તથા અન્ય ઈન્ડસ્ટ્રીઝ ઉપર પણ તેની સીધી અસર પડશે. જો કે ઈમરજન્સી સેવામાં હડતાળના કારણે કોઈ મુશ્કેલી ઊભી ન થાય તે જોવાશે.

## પ્રવાસી શિક્ષકો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ જિલ્લાની શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના અનુસંધાને ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ પ્રવાસી શિક્ષકોની ભરતી કરી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ વિષયના ૧૬૦ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. વિવિધ વિષય શિક્ષકોની શાળાઓમાં પુર્તિ થતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર થતી માંઠી અસર પણ નિવારી શકાશે તેમ પણ મનાઈ રહયુ છે.

## ક્રૂર ઈન્ડિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિકાર થયેલા રકબર ખાનને માત્ર છ કિલોમીટરના અંતરે સ્થિત હોસ્પિટલ પહોંચાડવાના ત્રણ કલાક કેમ લગાડ્યા હતા. આ લોકોએ વચ્ચેના ગાળામાં ચા પીવા માટે સમય પણ બગાડ્યો હતો. મોદીના આને ક્રૂર ન્યુ ઈન્ડિયાના મંત્ર તરીકે ગણી શકાય છે જ્યાં માનવતાની જગ્યાએ નફરતે લઈ લીધી છે. લોકોને કચડવામાં આવી રહ્યા છે. તેમને મરવા માટે છોડી દેવામાં આવી રહ્યા છે. આ પહેલા લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, મોદી સરકાર આ પ્રકારની ઘટનાઓને દેશભરમાં પ્રોત્સાહિત કરી રહી છે. સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, દેશમાં સ્થિતિમાં સુધારો થાય તેમ સરકાર ઈચ્છતી નથી. બીજી બાજુ કોંગ્રેસના આ પ્રકારના આક્ષેપો ઉપર જવાબ આપતા કેન્દ્રીયમંત્રી પીયુષ ગોયેલે જવાબ આપતા કહ્યું છે કે, રાજ્ય સરકાર પોતાના સ્તર પર સમાન જરૂરી પગલા લઈ રહી છે. દોષિતોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. પીયુષ ગોયેલે ટ્વિટ કરીને કહ્યું છે કે, રાહુલ ગાંધી દરેક મામલા ઉપર જંપ લગાવી રહ્યા છે. રાજ્ય સરકારે વિશ્વાસ આપ્યો છે કે, તે કઠોર પગલા લેવા જઈ રહી છે. ચૂંટણી ફાયદા માટે સમાજને નફરતમાં ફેલાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નફરતના વેપારી તરીકેની ભૂમિકામાં રાહુલ દેખાઈ રહ્યા છે. આ મામલામાં આગામી દિવસોમાં પણ ખેંચતાણનો દોર જારી રહી શકે છે. મોદીના ક્રૂર ન્યુ ઈન્ડિયાના પ્રહાર બાદ ગોયેલે જવાબમાં રાહુલને નફરતના સોદાગર તરીકે ગણાવીને પ્રતિક્રિયા આપી છે. ઘટનાસ્થળે રહેલા લોકોના કહેવા મુજબ પોલીસે ઘાયલ થયેલા રકબર ઉર્ફે અકબર ખાનને હોસ્પિટલમાં પહોંચાડવામાં ત્રણ કલાકનો સમય લીધો હતો. જ્યારે ઘટનાસ્થળે મળી આવેલી ગાયોને સૌથી પહેલા ગૌશાળા પહોંચાડવામાં આવી હતી. શુક્રવારના દિવસે ૩૧ વર્ષના રકબર ખાનને ગૌરક્ષકોની ભીડે માર મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર આ મામલે જોરદારરીતે ચાલી રહ્યો છે. ભાજપના અન્ય નેતાઓ તરફથી પણ પ્રતિક્રિયા આપવામાં આવી રહી છે.

## સંસદમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યુ છે. વિશેષાધિકાર ભંગનો મામલો બને છે. ભાજપના ચાર સાંસદો નિશિકાંત દુબે, અનુરાગ ઠાકુર, દુ ષ્યંતસિંહ, પ્રહલાદ જોશીએ રાહુલ ગાંધીની સામે વિશેષાધિકાર ભંગની નોટિસ જારી કરી છે. આ સાંસદોએ રાહુલ ઉપર ગંભીરપ્રકારના આક્ષેપ કર્યા છે. ભાજપના સાંસદોનું કહેવું છે કે, રાહુલ ગાંધીએ મોદી અને નિર્મલા સીતારામન સામે ખોટા આક્ષેપબાજી કરીનો તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે. પ્રશ્નકલાકની કામગીરી પૂર્ણ થયા બાદ દુબેએ કહ્યું હતું કે, તેમના દ્વારા વિશેષાધિકાર ભંગની દરખાસ્ત લાવવામાં આવી છે.